ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 10th May, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................,

ભાવનગર.

**કાલે સાંજે સુર્યાસ્ત સમયે બે પરસ્પર વિરૂદ્ધ ગુણો ધરાવતા શુક્ર અને ગુરુ ગ્રહનો સંયોગ જોવા મળશે.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

થોડા સમયથી આવકાશમાં બે ગ્રહોને વ્યવસ્થિત નરી આખે જોઈ શકાય છે. સુર્યની ફરતે પરિભ્રમણ કરતા આ ગ્રહો એવી રીતે ગોઠવાય છે જે પૃથ્વીની સંસ્કૃતિના પ્રતિક સ્વરૂપે નજરે પડે છે. છેલ્લા થોડા સમયથી પૂર્વ દિશામાં સુર્યાસ્ત સમયે વિરુદ્ધ ગુણો ધરાવતા ગુરૂ ગ્રહ અને પૃથ્વીના જોડિયા ભાઈ તરીકે ઓળખાતો તેજસ્વી ચમકતો શુક્ર ગ્રહ નો એક અદભુત સંયોગ જોવા મળી રહ્યો છે.

આપણા શહેરના અવકાશમાં શુક્ર અને ગુરુ ગ્રહ નરી આખે જોઈ શકાય છે. આ ગ્રહોને વધુ નજીકથી ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટે તા. ૧૧/૦૫/૨૦૧૮ ને શુક્રવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ મારફત તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજે ૭:૦૦ કલાક થી ૯:૦૦ કલાક સુધી વ્યવસ્થા કરવામાં આવનાર છે. ઉપરાંત ભાવનગરના જાણીતા ખગોળપ્રેમી પ્રો. સુભાષભાઈ મહેતા દ્વારા ગ્રહો, નક્ષત્રો અને રાશિઓ વગેરેની વધુ માહિતી આપવામાં આવશે.

આ ખગોળીય નજારાને નિહાળવા માટે શહેરની તમાંમ ખગોળરસિક જનતાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભારાડ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

10-5-18

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19\Press of KRCSC FL 2018-19